**<u>ફોજદારી કેસ નં. –18634/2009</u>**

**આંક–૧ હેઠળ હુકમ**

આ કામના ફરીયાદી ધ્વારા મૌખિક રજુઆત કરેલ છે કે, અમો પક્ષકારો વચ્ચે અંદરોઅંદર સમાધાન થતાં **<u>આંક–</u>** થી સમાધાન કરવા માટેની પરવાનગી મેળવવા અરજી  રજુ થયેલ છે જે અરજી અન્વયે બંને પક્ષકારોને સાંભળી આ ગુના સમાધાનપાત્ર હોઈ ન્યાયના હિતમાં સમાધાન કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે **<u>આંક–</u>** થી સમાધાન પુરસીસ રજુ થયેલ છે અને તે સમાધાન પુરસીસ બંને પક્ષકારોને વાંચી સંભળાવવામાં આવતાં તે કબુલ મંજુર રાખેલ છે.

આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–<u>૪૦૬,૪૨૦</u> મુજબના સમાધાનપાત્ર ગુનાના આક્ષેપો છે જેથી કેસની હકીકત, સંજોગો, કારણો, ગુનાનો પ્રકાર જોતાં ન્યાયના હિતમાં સદર સમાધાન પુરસીસ ગ્રાહય રાખી, આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૨) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:સુરત.
તા. ૧૩/૦૮/૨૦૨૨

**(મયુર ડી. બ્રહમભટ્ટ)**
નવમા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
સુરત.
હ:મ્ભ દ:ઈઢનવડક્ષડડટઈ